


# અપક્ષ ઉમેદવારો મોટા ભાગે પરાજિત

## મતદારોમાં વિશ્વાસ જગાવવામાં નિષ્ફળ રહ્યા : વર્ષ ૨૦૧૪ ચૂંટણીમાં ૩૨૩૪ ઉમેદવારો પૈકી માત્ર ત્રણ ઉમેદવાર જીત્યા હતા : ફુલ ૩૨૧૮ની જમાનત ડુલ થઇ

લોકસભા ચૂંટણીમાં મોટા ભાગે અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં પરાજિત થતા રહ્યા છે. સામાન્ય ચૂંટણીની વાત કરવામાં આવે તો અપક્ષોની હાલત ખુબ ખરાબ રહી છે. વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં અપક્ષોની સંખ્યા ૩૨૩૪ હતી. જે પૈકી માત્ર ત્રણ ઉમેદવારો જ વિજેતા થયા હતા. જ્યારે ૩૨૧૮ ઉમેદવારોની જમાનત ડુલ થઇ હતી. અપક્ષો મોટા ભાગે મતદારોમાં વિશ્વાસ જગાવી શક્યા નથી. જાણકાર લોકોનુ કહેવુ છે કે મજબુત દળની ડાઇ અને નબળા સંશાધનોના પરિણામસ્વરૂપે સામાન્ય રીતે મતદારોમાં વિશ્વાસ જગાવી શક્યા નથી. હજુ સુધી કુલ ૪૫૦૦૦ અપક્ષ ઉમેદવારો ચૂટણી મેદાનમાં ઉતરી ચુક્યા છે. જે પૈકી માત્ર ૨૨૨ ઉમેદવારોની જ જીત થઇ છે. આંકડા પર નજર કરવામાં આવે તો ૨૦૦૯માં ૩૮૩૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. જે પૈકી નવ ઉમેદવારો જીત્યા હતા. લોકસભા ચૂંટણીમાં મોટા ભાગે અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં પરાજિત થતા રહ્યા છે. સામાન્ય ચૂંટણીની વાત કરવામાં આવે તો અપક્ષોની હાલત ખુબ ખરાબ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે.

### અપક્ષ ઉમેદવારો

ક્યાં વર્ષે કેટલા અપક્ષ ઉમેદવાર હતા અને કેટલા ઉમેદવારો જીત્યા તે નીચે મુજબ છે

| ઉમેદવારો | વિજેતા ઉમેદવારો |
| --- | --- |
| ૨૩૮૫ (૨૦૦૪) | ૦૫ |
| ૩૮૩૧ (૨૦૦૯) | ૦૯ |
| ૩૨૩૪ (૨૦૧૪) | ૦૩ |

નોંધ : કૌંસમાં આંકડા વર્ષના છે.

# બિકાનેરમાં કોંગ્રેસ વાપસી કરવા લડાયક

## અર્જુન મેઘવાલ હેટ્રિક માટે તૈયાર છે : બિકાનેર બેઠક પર ભારતીય જનતા પાર્ટી સતત ૨૦૦૪થી જીત હાંસલ કરી રહી છે : મેઘવાલ ત્રીજી વખત મેદાનમાં

લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ પક્ષો પોતપોતાની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે. દેશમાં અનેક હોટ સીટ પણ રહેલી છે. હોટ સીટની વાત કરવામાં આવે તો આવી જ એક સીટ રાજસ્થાનની બિકાનેર સીટ પણ છે. ભારતીય જનતા પાર્ટી વર્ષ ૨૦૦૪થી આ સીટ પરથી જીતતી રહી છે. વર્ષ ૨૦૦૯માં સીટ એસસી માટે અનામત કરી દેવામાં આવી હતી.

અર્જુનરામ મેઘવાલ અહીંથી ચૂંટણી જીતી ગયા હતા. મેઘવાલ વર્ષ ૨૦૧૪માં પણ અહીં જીતી ગયા હતા. સાથે સાથે મોડેથી કેન્દ્ર સરકારમાં પ્રધાન પણ બન્યા હતા. મેઘવાલને ભારતીય જનતા પાર્ટીએ આ વખતે પણ મેદાનમાં ઉતારી દીધા છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૯ સુધી સતત બે વખત મેઘવાલ જીતી ચુક્યા છે. આ વખતે તેઓ આ સીટ પરથી હેટ્રિક કરવા માટે તૈયાર છે. ભારતીય જનતા પાર્ટી તરફથી આ સીટ પર૫ અભિનેતા ધર્મેન્દ્રે પણ ૨૦૦૪થી ૨૦૦૯ દરમિયાન જીત મેળવી હતી. સિંચાઇ અને પીવાના પાણીની બાબત અહીંના મુખ્ય મુદ્દા છે. ગેરકાયદે ખાણ પ્રવૃતિ પણ અહીં મોટા પાયે ચાલતી રહી છે. જેની સામે લોકોની વ્યાપક ફરિયાદ રહી છે.

બિકાનેરમાંથી પ્રદેશ સરકારમાં બીડી કલ્લા અને ભંવરસિંહ ભાટી પ્રધાન તરીકે છે. કોંગ્રેસ પાર્ટીએ બંને મંત્રીઓને ચૂંટણી જીતવા માટેનુ લક્ષ્ય આપ્યુ છે. સીધી રીતે ટક્કર અહીં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે રહેલી છે. જાતિય સમીકરણની વાત કરવામાં આવે તો આ સીટ પર એસસી અને ઓબીસી સમુદાયની ભૂમિકા સૌથી મોટી રહેલી છે. એસસી અને ઓબીસી મતદારોની ટકાવારી ૨૫-૨૫ ટકાની આસપાસ છે. વર્તમાન રાજકીય સ્થિતીની વાત કરવામાં આવે તો મેઘવાલ મજબુત દેખાઇ રહ્યા છે.

રોજગાર અને કાયદો તેમજ વ્યવસ્થાની સમસ્યા અહીંના મુદ્દા તરીકે છે. કેન્દ્ર સરકારના અનેક મોટા પ્રોજેક્ટ અહીં પાઈપલાઈનમાં રહેલા છે. તેમને આગળ વધારી દેવાની જરૂર છે. મેઘવાલને ટિકિટ મળતાની સાથે જ મેદાનમાં ઉતરી ગયા છે. બીજી બાજુ ગહેલોત કેટલીક સભા અહી કરી ચુક્યા છે. ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ પક્ષો પોતપોતાની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે.

સંપૂર્ણ બિકાનેર જિલ્લા અને શ્રીગંગાનગર જિલ્લાની અનુપગઢ વિધાનસભા બિકાનેર લોકસભા ક્ષેત્રમાં આવે છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં લોકસભા ક્ષેત્રમાં આવનાર આઠ પૈકી ત્રણ સીટ પર કોંગ્રેસ અને ચાર સીટ પર ભારતીય જનતા પાર્ટીની જીત થઇ હતી. શ્રીડુંગરગઢ સીટ પર અન્ય ઉમેદવારે બાજી મારી લીધી હતી. આ વખતે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા રહેલી છે. મેઘવાલની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગેલી છે. કોંગ્રેસે પણ પૂર્ણ તાકાત સીટ જીતવા માટે લગાવી દીધી છે.

# ધાનેરાના બાલાજી મંડપમાંથી ૨૫ વર્ષીય યુવકની હત્યા કરાયેલ મૃતદેહ મળ્યો

ધાનેરા, તા. ૨૮

ધાનેરામાં આવેલ બાલાજી મંડપ ડેકોરેશનમાંથી યુવકની હત્યા કરાયેલી હાલતમાં મળી આવતા થતા લોકોના ટોળેટોળા દોવા ઉમટ્યા હતા અને લોકો ધ્વારા ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસની ટીમ પણ તાત્કાલિક



ચકચાર મચી જવા પામી છે. ત્યારે પોલીસનો કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ધાનેરા નેનાવા ત્રણ રસ્તા પર આવેલા બાલાજી મંડપ ડેકોરેશનનામાં કોઈ યુવકનો મૃતદેહ પડ્યો છે તેવી લોકોને જાણ ઘટના સ્થળે દોડી આવી હતી. ત્યાં જઈ જોયું તો યુવકના ગાળામાં તીક્ષણ હથિયાર મારી હત્યા કરાઈ હોવાનું માલુમ પડ્યું હતું અને પોલીસ ધ્વારા તપાસ કરતા યુવકનું નામ પ્રવીણભાઈ શંકરભાઈ પટેલ ઉ વ ૨૫ રહે. ધાનેરા વાળો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ ધ્વારા મૃતકના પરિવારને બોલાવી પંચનામું કર્યું હતું અને મૃતકનો મૃતદેહ પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી અને મૃતકના પરિવાર દ્વારા ધાનેરા પોલીસ મથકમાં જઈ ગુનો દાખલ કરી ધાનેરા પોલીસે આઈપીસી ૩૦૨, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ શરુ કરી હતી અને શંકાસ્પદ લોકોના નામ પણ આપવામાં આવ્યા હતા. બીજી તરફ મૃતકના પરિવાજનોએ પોલીસ સામે રોષ દાખવ્યો હતો. મીડિયા સામે જણાવ્યું હતું કે પોલીસે હજુ સુધી કોઈજ કાર્યવાહી કરી નથી. અમારો સમાજ સવારથી ઘરે અને હોસ્પિટલમાં રઝળી રહ્યો છે અને જ્યાં સુધી પોલીસ આરોપીને નહિ પકડે ત્યાં સુધી અમે લોકો મૃતદેહને નહિ સ્વીકારીએ અને ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરશું. ધાનેરામાં હત્યાના બનાવ બનતા લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ઊંઝાની યુજીસીવીએલમાં ચાલતી લાલિયાવાડી સામે રોષ

ઊંઝા, તા. ૨૮

ઊંઝા ખાતેની ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.ની ગ્રામ્ય કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી લાલિયાવાડી ચાલી રહી હોવાથી લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

ઉ.ગુ.વીજ કંપની લિ. ઊંઝા ગ્રામ્ય કચેરીમાં કામકાજ અર્થે જતા લોકોને કચેરીના જવાબદાર અધિકારીઓ સત્તાના નશામાં યોગ્ય માર્ગદર્શન આપતા નથી અને લોકોને યેનકેન પ્રકારે હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે. સામાન્ય કામોમાં લોકોને ધક્કા ખવડાવવામાં આવે છે. તેમજ કામમાં વિલંબ થાય તેવા ક્રૂર નીતિ અપનાવાય છે. કહે છે કે રાજકીય વગ ધરાવતા, આર્થિક રીતે સક્ષમ તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના ઝડપથી કામો થાય છે. જ્યારે અન્ય લોકોના કામોમાં ઈરાદાપૂર્વક વિલંબ થતો હોવાનું કહેવાય છે.

બીજુ સરકારની જુદી જુદી યોજનાઓ, પ્રોજેક્ટ હેઠળ આ કચેરીને ફાળવાતા મટીરીયલમાં ગરબડ ગોટાળા થકી ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આમાં ખરેખર સત્ય શું છે ? તે અંગે ઉચ્ચ કક્ષાએથી ઝીણવટભરી તપાસ થવી જરૂરી મનાય છે. વધુમાં ગ્રામ્ય પેટા કચેરીમાં રજૂ થયેલા બિલો સંદર્ભે પણ તટસ્થ તપાસ થાય તેવુ લોકો ઈચ્છે છે.

### કોંગીના કુલ ૧૩ ઉમેદવાર

| ઉમેદવાર | વિસ્તાર |
| --- | --- |
| જગદીશ ઠાકોર | પાટણ |
| પૂજા વંશ | જૂનાગઢ |
| લલિત કગથરા | રાજકોટ |
| લલિત વસોયા | પોરબંદર |
| તુષાર ચૌધરી | બારડોલી |
| વીકે ખાંટ | પંચમહાલ |
| જીતુ ચૌધરી | વલસાડ |
| નરેશ એમ મહેશ્વરી | કચ્છ |
| ધર્મેશ પટેલ | નવસારી |
| રાજુ પરમાર | અમદાવાદ પશ્ચિમ |
| પ્રશાંત પટેલ | વડોદરા |
| રણજીત રાઠવા | છોટા ઉદેપુર |
| ભરતસિંહ સોલંકી | આણંદ |

# અરવલ્લી જિલ્લામાં ઉનાળાના પ્રારંભે અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત

મોડાસા, તા. ૨૮

ઉનાળાની ઋતુની હજુ શરૂઆત થઈ છે ત્યાં અરવલ્લી સૂર્યદેવ આકારો મિજાજ ધારણ કરીને ગરમી વરસાવી રહ્યા હોય તેમ શરૂઆતથીજ તાપમાનનો ભાસતા હતા. શહેરીજનો દ્વારા પંખા, એસી અને એરકુલરની શરણમાં સ્થાન લઈ ગરમી સામે



જીલ્લા સહીત મોડાસા શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહેતા જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં લોકો યેનકેન રીતે રાહત મેળવવા પ્રયત્નો કરી રહ્યા છે. જીલ્લામાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ જાણે પારો ૪૦ ડિગ્રીને આંબી જતા પ્રજાજનો ગરમીથી ત્રાસી ગયા છે.

મોડાસા શહેરમાં બપોરના સમયે અંગ દઝાડે તેવી ગરમીના કારણે શહેરીજનો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે જેના કારણે માર્ગો પર સ્વયંભૂ કરફ્યુ લાગ્યો હોય તેમ માર્ગો સુમસામ રક્ષણ મેળવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના માર્ગો પર ઠેર ઠેર શેરડીના રસના સ્ટોલ અને ફેરિયાઓ, ઠંડા પીણા, જ્યુસ અને તડબૂચના સ્ટોલ ખુલી ગયા છે અને ધૂમ વેચાણ થઈ રહ્યું છે. પ્રજાજનો મોઢા પર કપડાં બાંધી ગરમીથી રક્ષણ મેળવી રહ્યા છે.

# આંતરરાષ્ટ્રીય પર્પલ દિવસની ઉજવણી નિમિત્તે ખેંચ વિશે સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપતા વિશેષ પરિસંવાદનું આયોજન કરાયું

ખેંચનો રોગ કે જેને આપણે અંગ્રેજીમાં એપિલેપ્સી તરીકે પણ ઓળખીએ છીએ. એપિલેપ્સી વિશે જનસામાન્ય સુધી મહત્વપૂર્ણ જાણકારી પહોંચાડવા માટે તા. ૨૮ માર્ચ, ૨૦૧૯, ગુરૂવારની સાંજે જે.બી. ઓડિટોરીયમ, એ.એમ.એ. ખાતે એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પર્પલ ડે (એપિલેપ્સી જાગૃતિ માટે ઉજવાતો દિવસ)ના સ્થાપક-પ્રણેતા મીસ કેસીડી મેગન ખાસ કેનેડાથી ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે લોકોમાં આ રોગ અંગે જાગૃતિમાં વધારો કરવા અને સમાજમાં આ રોગ અંગેની ગેરમાન્યતાઓને દૂર કરવી, ભારતમાં ખેંચ સૌથી સામાન્ય ન્યૂરોલોજીકલ રોગ છે. એક અંદાજ પ્રમાણે આ રોગના કુલ ૭૦ ટકા દર્દીઓને સમયસર નિદાન અને સારવાર મળે તો ખેંચ વગર જીવી શકે છે. સ્ટર્લિંગ હોસ્પિટલ, ઈન્ડિયન એપિલેપ્સી એસોસિએશન, અમદાવાદ શાખા, એપિલેપ્સી ફાઉન્ડેશન અને એકેડેમી ન્યુરોલોજીસ્ટ ઓફ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. જ્યાં તેમને એપિલેપ્સી (ખેંચ) જેવા અત્યંત ગંભીર રોગ અંગે મુંઝવતા પ્રશ્નોની વિગતવાર છણાવટ કરવામાં આવી હતી.

# ભાજપા દ્વારા અમદાવાદ પૂર્વ લોકસભા વિજય સંકલ્પ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદ ખાતે અમદાવાદ પૂર્વે લોકસભા વિજય સંકલ્પ સંમેલન યોજાયું હતું. જેમાં ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતી વિજયા રાહતકરજી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકનું સંમેલન યોજાયું.

આ સંમેલનમાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશના મંત્રી જીવરાજભાઈ ચૌહાણ, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંડ્યા સહિત પક્ષના હોદ્દેદારો આગેવાનો સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્ર એક્શનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેર થયા પછી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થયો છે. જિલ્લામાં ૮ હજારથી વધુ પોષ્ટર, બેનર, હોર્ડિંગ્સ તેમજ દિવાલો પરના લખાણો દૂર કરાયા છે. આ ઉપરાંત ૪૫૨ ખાનગી ઈમારતો પરના રાજકીય લખાણો દૂર કરાયા છે. જિલ્લાની મતદારો અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧૧,૧૬૪ શારીરિક રીતે અક્ષમ મતદારો નોંધાયેલા છે. જેમાં દહેગામમાં ૩૭૨૯, ગાંધીનગર (દ)માં ૪૫૪૬, ગાંધીનગર (ઉ)માં ૧૩૭૧, માણસામાં ૧૦૨૧ અને કલોલમાં ૪૯૭ મતદારોનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૩૭ મતદાન મથકોનો ઉમેરો કરવામાં આવ્યો છે. જ્યારે ૧૩ મતદાન મથકોમાં ફેરફાર કરાયા છે. જે મતદાન મથકોમાં વધારો થયો છે તેમાં દહેગામમાં ૪, ગાંધીનગર (દ)માં ૧૫, ગાંધીનગર (ઉ)માં ૧૦, માણસામાં ૫ અને કલોલમાં ૩ મતદાન મથકો છે.

એન.જી.આર.એસ.ને લઈ અત્યાર સુધીમાં ૬૪૯ ફરિયાદો મળી છે. જેમાં જિલ્લાકક્ષાએ ૭૨ અને ૬૪૯ બીજી છે. તેમણે કહ્યુ કે એન.જી.આર.એસ. મતદારોને ગાઈડ કરવા માટેની નવી એપ છે. જોકે તેના પર અન્ય ફરિયાદ પણ આપી શકાય છે. લાંગાએ જણાવ્યુ હતુ કે ડીસ્ટ્રીક્ટ કોલ સેન્ટરને અત્યાર સુધીમાં ૯૫૧ પૃચ્છાઓ મળી છે. જ્યારે સી વીજીલ નામની નવી એપ પર ૧૪ જેટલી ફરિયાદો મળી છે. આ એપ પર મળેલી ફરિયાદોને ૧૦૦ મિનિટમાં જ તંત્ર દ્વારા એટેન્ડ કરવામાં આવી છે અને તેનુ સીધુ મોનીટરીંગ ઈસીઆઈ દ્વારા થાય છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૭૯૭ હથિયારો જમા લઈ લેવામાં આવ્યા છે. સાત બેંકો સહિત ૫૧ જણાને હથિયાર રાખવાની મુક્તિ આપવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

લાંગાએ જણાવ્યુ હતુ કે આગામી ૧લી એપ્રિલથી કર્મયોગીઓની વિવિધ તાલીમની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટેનું આયોજન પણ આખરી કરી દેવાયુ છે.

આ પત્રકાર પરિસદમાં અધિક નિવાસી કલેક્ટર એચ.એન. જાડેજા, ના.જિ. ચૂંટણી અધિકારી ઠક્કર, અધિક કલેક્ટર અને નિયામક ગ્રામ વિકાસ એજન્સી બ્રહ્મભટ્ટ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રૂપરંગ બદલ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેસાણા સંસદીય મત વિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારી હોવાથી તેમની કચેરીને પણ નવો ઓપ અપાયો છે. દહેગામ અને કલોલના પણ ચૂંટણી અધિકારીઓ મદદનીશ ચૂંટણી અધિકારી અમદાવાદ પૂર્વ અને ગાંધીનગરના હોઈ તેમની કચેરીઓને પણ નવો ઓપ અપાયો છે.

## ડરશે નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોક્કસપણે આપશે પરંતુ સાથે સાથે બીજા લોકોના હિસાબ પણ લેશે. આ બંને કામ સાથે સાથે ચાલશે. તે જ વખતે હિસાબ બરોબર થશે. મોદીએ કહ્યું હતુ કે, તેઓ ચોકીદાર છે જેથી કોની સામે અન્યાય થશે નહીં. તમામનો હિસાબ થશે. એક એક કરીને હિસાબ લેવામાં આવશે. મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે, દેશમાં પ્રથમ વખત આવી નિર્ણાયક સરકાર લોકો જોઈ રહ્યા છે જે પોતાની સંકલ્પ શક્તિને સિદ્ધ કરવા માટે સતત કટિબદ્ધ છે. જમીન હોય કે આસમાન હોય કે પછી અંતરિક્ષ હોય. સર્જિકલ સ્ટ્રાઇકનું સાહસ પણ આ ચોકીદારની સરકારે જ કરી બતાવ્યું છે. અંતરિક્ષમાં તમામ મોટી સિદ્ધિઓ પણ આ સરકારે જ કરી બતાવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, આજે સ્થિતિ એવી થઇ છે કે, જે લોકો થોડાક દિવસ પહેલા ચોકીદારને પડકાર ફેંકતા હતા તે લોકો હવે રડી રહ્યા છે. મોદીએ પાકિસ્તાનમાં તેના ઘરમાં ઘુસીને આતંકવાદીઓના અડ્ડા કેમ નષ્ટ કર્યા છે. આતંકવાદીઓને કેમ મારવામાં આવ્યા છે તેવા પ્રશ્ન વિરોધીઓ કરી રહ્યા છે. મહામિલાવટીઓના શાસનમાં પુત્રીઓને ઈન્સાફ મળતો ન હતો. તેમની સરકારમાં ગુંડાઓ અને સમાજ વિરોધી તત્વો પણ નિયંત્રિત થયેલા હતા. આ પ્રકારના લોકોની સરકારમાં દેશ ક્યારેય સુરક્ષિત રહી શકે નહીં. દેશને પુરાવા જોઈએ છે કે પછી સપૂત જોઈએ છે તેવો પ્રશ્ન લોકોને કરતા કહ્યું હતુ કે, જે લોકો ભારતીય જવાનોના સાહસના પુરાવા માંગી રહ્યા છે તે લોકો સપૂતોને લલકારી રહ્યા છે.

## નવો પ્રસ્તાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો આ પ્રસ્તાવ પર દેશોની સહમતિ બને છે તો મસૂદ અઝહર પર ટ્રાવેલ બેન, સંપત્તિ સીઝ થવા જેવી કાર્યવાહી થઇ શકે છે.

આ સિવાય અમેરિકાના વિદેશ મંત્રી માઈક પૉમ્પિયો એ પણ ટ્વીટ કરીને ચીનને બરાબરનું ખખડાવ્યું છે. તેમણે લખ્યું કે એક બાજુ ચીન પોતાના દેશમાં મુસ્લિમોને પ્રતાડિત કરી રહ્યું છે, તો બીજીબાજુ એક ઈસ્લામિક આતંકી સંગઠનની સંયુકત રાષ્ટ્રમાં રક્ષા કરી રહી છે.

આપને જણાવી દઈએ કે ચીન આ સમિતિનું સ્થાયી સભ્ય છે, આથી તેની પાસે વીટો પાવર છે. તેના લીધે તેઓ કોઈપણ પ્રસ્તાવને રદ કરવાની ક્ષમતા રાખી છે, મસૂદ અઝહરના મામલામાં તેને ૪ વખત આવું કર્યું છે. જો કે વાત એમ છે કે નિયમ એ પણ કહે છે કે જો સમિતિના સ્થાયી સભ્યો સિવાય અન્ય અસ્થાયી સભ્ય પણ કોઇ મુદ્દા સહમત થઈ જાય તો પ્રસ્તાવ પાસ કરી શકા છે. એવામાં ફરીથી તોઈ એક સભ્યની નારાજગી કામ કરશે નહીં.

## પ્રાણ ફૂંકાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૫ મોટા ઉદ્યોગપતિઓને ૩.૫ લાખ કરોડ રૂપિયા આપી દેવામાં આવ્યા છે. આ યોજના ગરીબોને લાભ પહોંચાડશે જેથી લોકલક્ષી યોજના છે તેમાં કોઇ લાલચ નથી. જ્યારે રાહુલ ગાંધીને સ્કીમને લઈને સમય મર્યાદા અંગે પૂછવામાં આવ્યું ત્યારે કોઇ માહિતી આપી ન હતી. આ યોજનાને માત્ર પાયલોટ પ્રોજેક્ટ તરીકે રજૂ કરવામાં આવશે જેથી તેની આડે રહેલી તકલીફોને જાણી શકાશે. તેમણે ઉમેર્યુ હતું કે, અમે આને જીએસટીની જેમ લાગૂ કરીશું નહીં. સૌથી પહેલા પાયલોટ પ્રોજેક્ટ તરીકે આને રજૂ કરવામાં આવશે ત્યારબાદ દેશભરમાં અમલી કરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં અમલી કરાશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા રાહુલે કહ્યું હતું કે, આ અંગે નિર્ણય નિષ્ણાતો કરશે.